# શહેરમાં ડેન્ગ્યુ તાવથી હાહાકાર

**શહેરની તમામ મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ હાઉસફુલ : તબીબો અને પેથોલોજીસ્ટોને ત્યાં ઉભરાતા દર્દીઓ : ડેન્ગ્યુના વધતા કેસને પગલે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું : હવે ગ્રામીણ વિસ્તારોમાં પણ ડેન્ગ્યુના કેસ જોવા મળી રહ્યા છે**



પ્રતિકાત્મક તસવીર


પ્રતિકાત્મક તસવીર

ગાંધીનગર,તા.૧૨

છેલ્લા ૧૫ દિવસથી ભેજયુકત અને વાદળછાયા હવામાનને પગલે બીન આરોગ્યપ્રદ સિઝન શરુ થઈ ગઈ છે. આ સિઝનમાં વાઈરલ બિમારીઓની સાથે ડેન્ગ્યુંએ માથું ઉચક્યું છે. ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં ૫૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ડેન્ગ્યુના ચિંતાજનક રીતે વધી રહેલા કેસને પગલે આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. તો બીજીતરફ ખાનગી લેબોરેટરીમાં કરવામાં આવતા ડેન્ગ્યું રીપોર્ટમાં મોટાભાગના રીપોર્ટ પોઝીટીવ આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે કેટલાક દર્દીઓ ડેન્ગ્યુની સમયસર યોગ્ય સારવાર મળી રહેતા સ્વસ્થ બની ગયા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં રોગચાલો વકરવાની દહેશત વર્તાઈ રહી છે.તો બીજી બાજુ ગાંધીનગર શહેરી વિસ્તારમાં વધી રહેલા ડેન્ગ્યુંના કેસને લઈ પણ આરોગ્ય તંત્ર સજાગ થઈ ગયું છે.

ડેન્ગ્યુ પ્રારંભિક તબક્કામાં શહેરી વિસ્તારમાં અને હવે ગ્રામીણ વિસ્તારમાં જોવા મળી રહ્યો છે. ડેન્ગ્યુ મુખ્યત્વે એડીસ ઈજીપ્ત મચ્છરો દ્વારા માનવ શરીરમાં પ્રવેશે છે.જે દિવસે પણ કરડતા હોય છે. જે સ્વસ્છ અને સ્થિર પાણીમાં ઈંડા મુકે છે.

શહેરના બિનસરકારી કિલનીક, હોસ્પિટલ અને પેથોલોજી લેબોરેટરીમાં ડેન્ગ્યુની સારવાર અને ટેસ્ટ માટે સવારથી જ લાઈનો લાગે છે. ખાસ કરીને આસ્કા હોસ્પિટલ, પગરવ, હાઈ-ટેક અને શાશ્વત હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટમાં આજકાલ જગ્યા મળવી મુશ્કેલ બની છે. બીજા અર્થમાં કહીએ તો હોસ્પિટલો હાઉસફુલ છે. ડેન્ગ્યુના ટેસ્ટ માટે પણ દર્દીઓમાં ચિંતાનજક વધારો છે. જાણીતા પેથોલોજીસ્ટ મહેન્દ્ર ગજ્જર સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, દરરોજ ૨૦ થી ૨૫ ડેન્ગ્યુના ટેસ્ટ કરાય છે જેમાંથી ૩૦ ટકા કેસ પોઝીટીવ જણાય છે. આમ શહેરમાં ડેન્ગ્યુના દર્દીમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે ત્યારે મનપા આરોગ્ય તંત્ર દ્વારા ફોગીંગની પ્રક્રિયા ખૂબ ઝડપી અને વ્યાપક બનાવવી જરૂરી છે. જેથી ડેન્ગ્યુના મચ્છરો નાથવામાં સફળતા પ્રાપ્ત થઈ શકે એમ છે.

આ ઉપરાંત નગરજનોએ પણ જાગૃતિ કેળવી પગલા લેવા જરૂરી છે. ઘરની આસપાસ ભરાયેલા ચોખ્ખા પાણીના ખાડા, છોડના માટીના કુંડા, ભંગાર ટાયરોમાં ભરાયેલા પાણી તથા અન્ય ડેન્ગ્યુના મચ્છરોના ઉત્પતિ સ્થાનોની સાફસફાઈ કરવી જરૂર છે.

સાથે સાથે નગરજનોએ સાવચેતીના ભાગરૂપે સમગ્ર શરીર ઢંકાય તેવા કપડા પહેરવાનો આગ્રહ રાખવો, મચ્છરદાનીનો ઉપયોગ કરવો. ઘરમાં લીમડા અને ગુગળ તથા કપૂર ગોટીનો ધૂપ કરવો. શરીરે લીમડા કે નાળિયેરનું તેલ લગાવીને ઘરની બહાર નિકળવું. એન્ટીવાયરસ દવાઓ જરૂર પડે લેવી. આયુર્વેદિક પદ્ધતિમાં દર્શાવ્યા મુજબ પપૈયાના પાન, ભૂમિ આલમકી, ભલાતક, કાકમચી, સરપંખા વગેરેનું સેવન કરવું.

## ડેન્ગ્યુના તાવને બે પ્રકારમાં વિભાજીત કરાય છે

- ઉપદ્રવ રહીત ડેન્ગ્યું જવર- આ પ્રકારના ડેન્ગ્યુમાં ખુબ તાવ, ઉલટી, સાધા અને માંસ પેશીઓમાં દુખાવો, આંખોની ભ્રમરની ઉપરની બાજુએ માથું દુખવું, ચામડી પર લાલ રંગના ચકામા, થાક લાગવો, અશિકત જેવા લક્ષણો જોવા મળે છે. તેમા લોહીની તપાસમાં પ્લેટલેટ કાઉન્ટ ઓછા જોવા મળે છે. જે વધુ ઓછા થતા નથી આ પ્રકારના દર્દીઓ અઠવાડીયમાં સ્વસ્થ થઈ જાય છે.
- ગંભીર ડેન્ગ્યુંના લક્ષણો પણ ઉપર મુજબના હોય છે. પરંતુ વધુ પ્રમાણમાં પ્લેટલેટ કાઉન્ટ ઝડપથી વધુ ઓછા થાય છે. જેના થી વદુ રકતસ્ત્રાવ,ગંભીર મર્મોપઘાત અને અતિ વધુ પ્રમાણમાં પ્લાઝમાંનું શ્રાવણ થવાથી બીપી બહુ ઓછુ થઈને દર્દી હેમરેજીંગ શોકમાં આવી જાય છે.

### સાવચેતીના પગલા...

- પાણી ભરાઈ રહે તેવી જગ્યા દુર કરવી
- ભરાઈ રહેલા પાણીમાં દવાનો છંટકાવ કરવો
- અગાસી તેમજ પાણીના કુંડામાં પાણી ભરાયેલુ ન રાખવું
- પુરા કપડા પહેરવા, મચ્છરદાનીનો ઉપયોગ કરવો, ઓડોનસ લગાવવું, ઘરમાં ગૂગલ તેમજ કપુરની ગોટીનો ધુપ કરવો, તેમજ શરીરે લીમડા કે નારીયેળનું તેલ લગાવીને બેસવુ

## શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ફોંગીગની કામગીરી હાથ ધરાઈ



ગાંધીનગર શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારમાં જયાં ડેન્ગ્યુના દર્દીઓ નોંધાય છે તે વિસ્તારમાં તંત્ર દ્વારા ફોંગીગ, એન્ટી લારવા અને સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે. જયારે બાંધકામ સાઈટો પર જઈને પણ ફોંગીગની પ્રક્રિયા હાથ ધરવામાં આવ છે.

શહેર આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુના કેસ વધે છે તેવા વિસ્તારોમાં ફોગીંગ થાય છે પરંતુ સમગ્ર શહેરના રહેણાંક વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં ફોગીંગ થાય એમ નગરજનો ઈચ્છે છે. સમયસર ફોગીંગ નહી થાય તો ડેન્ગ્યુના કેસો હજુ પણ વધી શકે તેવી સંભાવના છે.

## ડેન્ગ્યુના દર્દીએ ખાટા ફળો, લીંબુપાણી અને પાણી સવિશેષ પીવુ જોઈએ

આ અંગે સિવિલ હોસ્પિટલના ડોકટર દિનકર ગોસ્વામી અને આશ્કા હોસ્પિટલના ડો. દર્શન ભીમાણીએ જણાવ્યું હતું કે ડેન્ગ્યુમાં તાવ આવવો, માથુ દુખવુ અને શરીરમાં થાક લાગવો સહિતના





લક્ષણો હોય છે. જયારે ડેન્ગ્યુમાં પ્લેટલેટ કાઉન્ટ ઘટે છે. પરંતુ ૩૦ હજાર કાઉન્ટ સુધી દર્દીએ ગભરાવવાની જરુર નથી. દરેક સરકારી સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુની સારવાર વિનામુલ્યે થાય છે. જયારે ડેન્ગ્યુના દર્દીએ ખાટા ફળો, લીંબુપાણી અને પાણી સવિશેષ પીવુ જોઈએ.

હદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કેન્સર અને લોહી પાતળુ થવાની દવા ચાલતી હોય તેવા દર્દીઓને ડેન્ગ્યુ થાય અને પ્લેટલેટ ઘટે તો તેવા દર્દીઓના મૃત્યું થવાની શકયતાઓ વધી જાય છે.

ડેન્ગ્યુના મચ્છર દિવસે જ કરડે છે તેમજ ચોખ્ખા અને સ્થિર પાણીમાં જ જોવા મળે છે.


ડેન્ગ્યુમાં કયા પ્રકારના ટેસ્ટ થાય છે. તો ડેન્ગ્યુમાં આઈજીજીએમ અને આઈજીએમના ટેસ્ટ કરાવે છે. તેના રીપોર્ટ બાદ સારવાર આપવામાં આવે છે.

## ડેન્ગ્યુમાં આર્યુવેદિક સારવાર આશીર્વાદ રૂપ : વૈદ્ય રાકેશ ભટ્ટ



એન્ટી વાઈરસ દવાઓ આપવી, જેમાં પપૈયાના પાન, ભુમી આમલકી, કાલમેઘ ભલાતક, કાકમચી, સરપંખા વિગેરેનો સમાવેશ થાય છે. પપૈયાના પાન લાવી તેને ધોઈને સાફ કરીને લસોટીને રસ કાઢવામાં આવે છે જે દિવસમાં ૩ થી ૪ વાર ૨ ચમચી જેટલો પીવડાવવામાં આવે છે. પપૈયાના પાનમાં હેલા એન્ઝાઈમ દ્વારા બે પ્રકારની અસર થાય છે. એક તો પ્લેટલેટને ડેન્ગ્યુના વાયરલથી બચાવે છે અને બીજુ પ્લેટલેટ નું ઉત્પાદન કરે છે.


## બેસણું



જન્મ : ૯-૧૧-૧૯૧૯
સ્વર્ગવાસ : ૧૧-૯-૨૦૧૯

અમારા પૂજ્ય પિતાશ્રી અને ગુજરાતના મૂર્ધન્ય સાહિત્ય વિવેચક, ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ અને મનહરકુંવરબા રાજપૂત છાત્રાલય, ભાવનગરના ગૃહપતિ **શ્રી તખ્તસિંહજી પરમાર**નું ભાવનગર ખાતે તા. ૧૧.૯.૨૦૧૯ના રોજ ૧૦૦ વર્ષયની આયુએ દેહાવસાન થયું છે. **તેમનું બેસણું ગાંધીનગર ખાતે તા. ૧૬/૯/૨૦૧૯, સોમવારના રોજ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, બ્લોક નં. ૧૪૬/૪, 'ચ' ટાઈપ, સેક્ટર-૧૭, હનુમાનજી મંદિર પાસે સાંજે ૪.૦૦ થી ૭.૦૦** દરમિયાન રાખેલ છે.

લિ.

**જગદીશસિંહ તખ્તસિંહજી પરમાર** (પ્રમુખ, AGRYS, ભાવનગર)
**અશોકસિંહ તખ્તસિંહજી પરમાર** (નિ.નાયબ સચિવ અને SKKRSS ટ્રસ્ટી અને નિયામક)
**બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર** (IAS કરિયર એકેડેમી, લેકાવાડા, ગાંધીનગર)
**પ્રા. ડો. મહેન્દ્રસિંહ તખ્તસિંહજી પરમાર**
(લેખક-નાટ્યકાર અને વડા-ગુજરાતી વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


**વાહનચાલકોનો જુગાડ.... આકરા દંડથી બચવા માટે**

# વાહનોની નંબર પ્લેટ સાથે ચેડા



**ઇ મેમાથી હાઇસિક્યુરીટી નંબર પ્લેટને તોડી મરોડી નાંખે છે : નગરના જાહેર સ્થળો તેમજ સચિવાલય અને વિધાનસભાના પાર્કીંગમાં દ્રીચક્રી વાહનોમાં મોટાભાગની નંબર પ્લેટ વળેલી અને તુટેલી જોવા મળે છે : પોલીસ તંત્રએ સ્થળ પર ઝુંબેશ હાથ ધરી દંડ વસુલી કરવી જોઇએ**

ગાંધીનગર તા ૧૨

રાજયમાં ટ્રાફિક નિયમનના મામલે દંડ વસુલવા માટે આગામી ૧૬ સપ્ટેમ્બરથી નવી નિતી અમલમાં આવશે. ટ્રાફિક નિયમનના ભંગ બદલ વાહનચાલકો પાસેથી આકરા દંડની વસુલી થશે. શહેરમાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ વાહનચાલકોને સી સી કેમેરાના માધ્યમથી ઈ મેમો પણ ઘરે પહોંચી જાય છે. ત્યારે ઈ મેમાથી બચવા માટે વાહનચાલકોએ નવો જુગાડ અપનાવ્યો છે. ખાસ કરીને ટુ વ્હીલરમાં નંબર પ્લેટ સાથે ચેડા કરવામાં વાહનચાલકો માહીર છે. વાહનમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટને તોડી મરોડી નાંખવામાં આવે છે. નગરના જાહેર સ્થળો સહીત સચિવાલય અને વિધાનસભાના પાર્કીંગમાં પાર્ક થયેલા મોટાભાગના દ્રીચક્રી વાહનોમાં તુટેલી અને વળેલી નંબર પ્લેટ જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં ટ્રાફિક નિકળવામાં વાહનચાલકોને સરળતા રહેતી ન હોવાથી આ સ્થિતિ વચ્ચે જ માર્ગ સલામતી જોગવાઈ કરી દીધી છે. આગામી ૧૬ સપ્ટેમ્બરથી નવા દંડની નિતીનો પણ અમલ થવાનો છે.



નિયમનને અનુલક્ષી સર્કલો પર ટ્રાફિક સિગ્નલ મુકી દેવાયા છે. ટ્રાફિકના યોગ્ય સંચાલન માટે ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ ટ્રાફિકની અવરજવર પણ સલામત બની છે. પરંતુ હજુ ટ્રાફિક સિગ્નલના ઓન ઓફ થવાના ટાઈમીંગ તેમજ રસ્તાઓની ડાબી બાજુએથી જોખમાઈ રહી છે જયારે હજુ સુધી શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણનો પણ અભાવ વર્તાય છે. જેથી ક્રોસ રસ્તાઓ વધુ જોખમી બન્યા છે. ક્રોસ માર્ગોને બંધ કરવાના મામલે પણ હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. આવા સંજોગોમાં રાજય સરકારે ટ્રાફિક નિયમનને લગતા દંડની પણ કડક પરંતુ ટ્રાફિક નિયમનના મામલે ગાંધીનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ છે. શહેરમાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ સી સી કેમેરાની વોચ હેઠળ સીધો ઘરે મેમો મળે તેવી વ્યવસ્થા છે. ત્યારે આ ઈ મેમા થી બચવા માટે કેટલાક વાહનચાલકો તેમના વાહનોની હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વાળી નાંખે છે જેથી આવા વાહનચાલકો પાસેથી દંડ વસુલવાનુ કામ અઘરુ બને છે. વિધાનસભા, સચિવાલય સંકુલ સહીતની સરકારી કચેરીઓના પાર્કીંગમાં પાર્ક થયેલા વાહનોમાં પણ નંબર પ્લેટ વળેલી તેમજ તુટેલી હાલતમાં જોવા મળે છે. આવા વાહનોની સંખ્યા પણ નોંધપાત્ર છે. શહેરના જાહેર સ્થળો પર પાર્ક થતા વાહનો પણ નંબર પ્લેટ વગર કે તુટેલી અને વળેલી નંબર પ્લેટ સાથે જોવા મળે છે. ટ્રાફિક નિયમન તંત્ર કે ટ્રાફિક પોલીસ આવા ઠેકાણે ઝુંબેશ હાથ ધરી સ્થળ પર દંડ વસુલી કરે તો પરિસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવે તેમ છે. જયાં સુધી વાહનચાલકોની આ હરકતો સામે પગલા નહીં લેવાય ત્યાં સુધી આકરી દંડ વસુલી પણ યોગ્ય ટ્રાફિક નિયમન માટે અસરકારક પુરવાર નહીં થાય નંબર પ્લેટની આ પ્રકારની સ્થિતિ મોટાભાગે દ્રીચક્રી વાહનોમાં જ જોવા મળે છે. શહેરમાં ટ્રાફિક નિયમન યોગ્ય કરવા તેમજ માર્ગ સલામતીના પરિબળોને મજબુત કરવા માટે પોલીસ તંત્રએ દંડનીય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા છે.


પ્લોટ વેચાણ આપવાનો છે
ગાંધીનગરમાં 2202 ચો.વાર
N.A. NOC, ટાઈટલ ક્લીયર, પઝેશન સાથે
T.P. માં 8 માળ ઉપર બનાવી શકાય
બન્ને બાજુ 24 મીટર રોડ ટચ પ્રાઈમ લોકેશન સાથે
73830 39391


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com